# કચ્છી લેવા પટેલ સંદેશ

**(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)**

વર્ષ : ૩૭ અંક : ૪ ૦૮-૦૫-૨૦૧૦

**:: તંત્રી ::**
ગોવિંદ વી. ખોખાણી
Editor : Govind V. Khokhani

**:: સંપાદક ::**
વસંત જી. પટેલ (હાલાઈ)
Editor : Vasant G. Patel (Halai)

**:: પરામર્શક ::**
હરીભાઈ કેશરા હાલાઈ
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Haribhai Keshra Halai
President : Shri Kutchi Leva Patel Samaj

અરજણભાઈ ગાંગજી પિંડોરીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Arjanbhai G. Pindoriya
President : Shri K.L.P.E. & Medi. Trust

શ્રી આર. એસ. હિરાણી
મંત્રીશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Shri R. S. Hirani
Secretary : Shri K.L.P.E. & Medi. Trust

**:: પ્રકાશક ::**
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

**:: વિતરણ વ્યવસ્થા ::**
રમેશભાઈ હાલાઈ
રામજીભાઈ સેંઘાણી
મનજીભાઈ પિંડોરીયા
તથા યુવક સંઘ

**: દ્વિ વાર્ષિક લાવાજમ :**
દેશમાં રૂા. ૨૦૦ (આઠ અંકના)
વિદેશમાં રૂા. ૫૦૦ (આઠ અંકના)

: લાવાજમ માટે સંપર્ક :
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

**:: ફોન સંપર્ક ::**
Mob. : 94269 67818
Mob. : 99258 94603
(02832)
230077, 231177 281437
Fax : (02832) 281537
www.sklpsbhuj.com
E-mail : info@sklpsbhuj.com

## ચિંતન કણિકા

એક મોટી તક આવી પંહોંચે તેની રાહ જોઈને
બેસી રહેવાને બદલે,
નાની નાની તકો ઝડપી લેવાથી
આપણે ઝટ મૂકામે પંહોચી શકીએ

-હ્યુ એલન

મને વખત મળતો નથી, મને તક મળતી નથી. એવું કોઈ મહાન કાર્ય કરનાર કહેતો નથી. આળસુ માણસ જ તેમ કહે છે. જેની ઘણા લોકો દરકાર કરતા નથી, તેવી જૂજ તકોનો લાભ લઈ, આખી જીંદગીની તકોમાંથી બીજાને જે લાભ મળતો નથી તે તેઓ મેળવે છે.

મધમાખીની માફક તેઓ દરેક ફૂલમાંથી મધ ચૂસે છે. તેમને મળતા દરેક માણસ, દરેક દિવસ, દરેક સંજોગો - સર્વમાંથી તેઓ પોતાનો જ્ઞાનનો અને અંગત શક્તિનો ભંડાર વધાર્યે જાય છે.

તકના આગલા ભાગમાં વાળ છે અને પાછલા ભાગમાં ટાલ છે. તેના આગલા ગૂચ્છાથી તમે તેને પકડો તો જ તેને પકડી શકાય. પણ છોડી દીધી તો ઈન્દ્ર પણ તેને પકડી શકે નહિ!

જે, પોતાને મળેલી તકનો ઉપયોગ ન કરી શકે તેને માટે સંસારમાં સારી તક પણ શા કામની છે ?

જીવનમાં એક વખત પણ જેના ઉપર ભાગ્યદેવીની કૃપા ન થતી હોય તેવો કોઈ માણસ નથી. પણ જયારે ભાગ્યદેવીને માલૂમ પડે છે કે તેનો સત્કાર કરવાને અમુક માણસ તૈયાર નથી ત્યારે તો એના બારણામાંથી પેસેલી એ સોનેરી તક, બારીમાંથી ભાગી જાય છે !

એક માણસને એક સ્ટુડિયોમાંના કેટલાક દેવદેવી બતાવવામાં આવ્યા. આમાં એકનું મોં વાળ થી ઢાંકેલું હતું. તેના પગ ઉપર પાંખો હતી. પેલાએ શિલ્પીને પ્રશ્ન ઉત્તર કર્યો : ' આ દેવીનું નામ શું ?' શિલ્પીએ ઉત્તર આપ્યો, 'તક.'

'તેનું મુખ કેમ છૂપાયેલું છે ?' પેલાએ ફરી પૂછયું. જવાબ મળ્યો, 'જયારે માણસની પાસે તે આવે છે ત્યારે ભાગ્યે જ તેને ઓળખે છે.'

'તેના પગ ઉપર પાંખો કેમ છે ?' પ્રશ્નકર્તાએ જાણવા માગ્યું.

'કારણ કે તે તરત છટકી જાય છે, અને એક વખત ગઈ કે ફરી મળતી નથી.' શિલ્પીએ કહ્યું.

-મનસુખલાલ સાવલિયા

:: Owner of Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.